**GUJARAT BILL NO. 33 OF 2019.**

# THE GUJARAT CO-OPERATIVE SOCIETIES (SECOND AMENDMENT) BILL, 2019.

***A BILL***

*further to amend the Gujarat Co-operative Societies Act, 1961.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩૩.**

## ગુજરાત સહકારી મંડળી (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૯.

## ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સહકારી મંડળી (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૬૨-નો ગુજરાતનો ૧૦મો.**

**સન ૧૯૬૨-ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૬૭-કનો સુધારો.**

૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૬૭ ક-માં, પેટા-કલમ (૨)માં, નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ,-

(૧) આવી મંડળીના ડૂબત લેણા અનામત ફંડની રકમ, આગળના નાણાકીય વર્ષમાં, આવી મંડળીની બિન-નફાકારક અસ્કયામતો (એનપીએ)ની રકમની ઓછામાં ઓછી બે ગણી રકમ રહેશે; અને

(૨) બિન-નફાકારક અસ્કયામતો (એનપીએ) માટે લાગુ પડતા ભારતીય રિઝર્વ બેન્કના વિવેકપૂર્ણ માપદંડોનું આવી મંડળી દ્વારા પાલન કરવામાં આવ્યું હોય,

ત્યારે તે કિસ્સામાં મંડળીએ, તેના ચોખ્ખા નફાના ઓછામાં ઓછા આઠ ટકા ડૂબત લેણા અનામત ફંડ ખાતે લઈ જવા જોઈશે.".

સન ૧૯૬૨-ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૭૦નો

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૦માં,-

(૧) પરંતુકમાં, "મંડળીઓને" એ શબ્દને બદલે, "મંડળીઓ અને શહેરી સહકારી બેન્ક-ને" એ શબ્દો ઉમેરવા;

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનું સ્પષ્ટીકરણ ઉમેરવું:-

"**સ્પષ્ટીકરણ.-** આ કલમના હેતુઓ માટે, "શહેરી સહકારી બેન્ક" એટલે આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી અને બેન્કિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૫-ના ખંડ (ખ)માં વ્યાખ્યાયિત કર્યા મુજબ બેન્કિંગનું કામકાજ કરતી હોય તેવી મંડળી.".

સન ૧૯૪૯નો ૧૦મો.

## ઉદ્દેશો અને કારણો

હાલમાં, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલ મંડળીએ, સદરહુ અધિનિયમની કલમ ૬૭-કની પેટા-કલમ (૨)ની જોગવાઇઓ હેઠળ, તેના ચોખ્ખા નફાનો ઓછામાં ઓછો પંદર ટકા ભાગ ડૂબત લેણા અનામત ફંડ ખાતે લેવો જરૂરી છે. શહેરી સહકારી બેન્ક, સદરહુ અધિનિયમ હેઠળ મંડળી તરીકે રજિસ્ટર થયેલ હોવાથી, જેમ ભારતીય રિઝર્વ બેન્કના વિવેકપૂર્ણ માપદંડો દ્વારા ડૂબત લોનો માટે જોગવાઇ કરવી જરૂરી છે તેમ સદરહુ પેટા-કલમ (૨) દ્વારા ફરમાવ્યા પ્રમાણે સદરહુ માપદંડો અનુસરવા જરૂરી છે. આ સંજોગોમાં, ચોખ્ખા નફાની નાની રકમ જ આવી મંડળી પાસે ઉપલબ્ધ રહે છે અને સદરહુ અધિનિયમની કલમ ૬૬ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના હેતુઓ માટે નફાના વિનિયોગમાં મંડળી મુશ્કેલી અનુભવે છે. આવી પરિસ્થિતિને નિવારવા માટે, આવી મંડળીના ડૂબત લેણા અનામત ફંડની રકમ, આગળના નાણાકીય વર્ષમાં, આવી મંડળીની થયેલી બિન-નફાકારક અસ્કયામતો (એનપીએ)ની રકમની ઓછામાં ઓછી બે ગણી રકમ રહે અને બિન-નફાકારક અસ્કયામતો (એનપીએ) માટે લાગુ પડતા ભારતીય રિઝર્વ બેન્કના વિવેકપૂર્ણ માપદંડોનું આવી મંડળી દ્વારા પાલન કરવામાં આવ્યું હોય, ત્યારે તે કિસ્સામાં આવી મંડળીએ, તેના ચોખ્ખા નફાના ઓછામાં ઓછા આઠ ટકા ડૂબત લેણા અનામત ફંડ ખાતે લઇ જવા માટે જોગવાઇ કરવી જરૂરી છે. તદનુસાર, કલમ ૬૭કની પેટા-કલમ (૨)ને સુધારવા ધાર્યું છે. વિધેયકની કલમ ૨થી તે માટે જોગવાઇ કરી છે.

સદરહુ અધિનિયમની કલમ ૭૦થી જોગવાઇ કરી છે કે કોઇ ઠરાવેલ સહકારી હેતુ અથવા કોઇ ધર્માદા હેતુ અથવા કોઇ અન્ય જાહેર હેતુ માટેનો ફાળો, જો મંડળી એક કરતા વધારે જિલ્લામાં કામકાજ કરતી હોય તો, ગુજરાત રાજ્ય સહકારી સંઘની અને બીજા કોઇ કિસ્સામાં, જિલ્લા સહકારી સંઘની મંજૂરીને અધીન છે. તેમ છતાં, સદરહુ કલમની જોગવાઇઓ હેઠળ, સહકારી શાખ માળખામાંની મંડળીઓને આવી મંજૂરી મેળવવામાંથી મુક્તિ આપવામાં આવી છે. હવે, ભારતીય રિઝર્વ બેન્કની માર્ગદર્શિકા હેઠળ, સદરહુ કલમ ૭૦માં નિર્દિષ્ટ મંજૂરીને અધીન રહીને, કુદરતી આફતોમાં અસરગ્રસ્ત લોકો માટે, શહેરી સહકારી બેન્ક, પોતાના અનામત ફંડ અથવા ડૂબત લેણા અનામત ફંડમાંથી ફાળો આપી શકે છે. તેમ છતાં, એવું અનુભવાયું છે કે, આવી મંજૂરી મેળવવાની પ્રક્રિયા અનુસરવામાં, અસરગ્રસ્ત લોકોને યોગ્ય સમયે મદદ થઇ શકતી નથી. તેથી, આવી બેન્કોને, સદરહુ કલમ ૭૦ની જોગવાઇઓ હેઠળ આવી મંજૂરી મેળવવામાંથી મુક્તિ આપવી જરૂરી જણાયું છે જેથી, હેતુ સિધ્ધ કરી શકાય. તદનુસાર, કલમ ૭૦ને સુધારવા ધાર્યું છે. વિધેયકની કલમ ૩થી તે માટે જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે, સન ૧૯૬૧નો સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**ઇશ્વરસિંહ પટેલ,**

**ધારાકીય સત્તા સોંપવાની યાદી**

આ વિધેયક, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીની જોગવાઇ કરે છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૩૦મી નવેમ્બર, ૨૦૧૯.** **ઇશ્વરસિંહ પટેલ.**

# પુરવણી

## ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨-ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૧૦મા)માંથી ઉતારા.

**૬૭ક.** (૧) XXX XXX XXX

(૨) મંડળીએ દર વર્ષે તેના ચોખ્ખા નફાનો ઓછામાં ઓછો પંદર ટકા ભાગ ડૂબત લેણા અનામત ફંડ ખાતે લઈ જવો જોઈશે. **ડૂબત લેણા અનામત ફંડ.**

(૩) થી (૫) XXX XXX XXX

**૭૦.** કલમ ૬૭માં ઠરાવ્યા પ્રમાણે અનામત ફંડ માટે અને કલમ ૬૭ક માં જોગવાઇ કર્યા પ્રમાણે ડૂબત લેણા અનામત ફંડ માટે અને કલમ ૬૯માં ઠરાવ્યા પ્રમાણે શિક્ષણ ફંડ માટે જોગવાઈ કર્યા પછી, મંડળી પોતાના ચોખ્ખા નફામાંથી વીસ ટકા સુધીની રકમ જુદી કાઢી શકશે; અને- **જાહેર હેતુઓ માટે ફાળો.**

(ક) મંડળી એક કરતાં વધારે જિલ્લામાં કામકાજ કરતી હોય તો ગુજરાત રાજ્ય સહકારી સંઘની મંજૂરીથી, અને

(ખ) બીજા કોઈ દાખલામાં જિલ્લા સહકારી મંડળીની મંજૂરીથી,

ઠરાવેલા કોઈ સહકારી હેતુ માટે અથવા ધર્માદા દેણગી અધિનિયમ, ૧૮૯૦ની કલમ ૨ના અર્થ મુજબ કોઈ ધર્માદા હેતુ માટે અથવા કોઈ બીજા જાહેર હેતુ માટે ફાળો આપવામાં આવેલી પૂરે-પૂરી રકમનો અથવા તેના ભાગનો પોતે વખતોવખત ઉપયોગ કરી શકશે:

પરંતુ આ કલમની જોગવાઈઓ, સહકારી શાખ માળખામાંની મંડળીઓને લાગુ પડશે નહિ.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૩.]

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી ઇશ્વરસિંહ પટેલ,

સહકાર મંત્રીશ્રી.]

(સન ૨૦૧૯ના નવેમ્બર મહિનાની ૩૦-મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT CO-OPERATIVE SOCIETIES (SECOND AMENDMENT) BILL, 2019.**

**GUJARAT BILL NO. 33 OF 2019.**

***A B I LL***

*further to amend the Gujarat Co-operative Societies Act, 1961.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Co-operative Societies (Second Amendment) Act, 2019. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 67A of Guj. X of 1962.**

**2.** In the Gujarat Co-operative Societies Act, 1961 (hereinafter referred to as "the principal Act"), in section 67A, to sub-section (2), the following proviso shall be added, namely:- **Guj. X of 1962.**

"Provided that the society shall carry atleast eight per cent. of its net profit to the Bad Debt Reserve Fund in cases where,-

(i) the amount of Bad Debt Reserve Fund of such society shall be minimum twice the amount of the Non-Performing Assets (NPA) of such society occurred in the preceding financial year; and

(ii) the Prudential Norms of the Reserve Bank of India applicable for Non-Performing Assets (NPA) have been complied with by such society.".

**Amendment of section 70 of Guj. X of 1962.**

**3.** In the principal Act, in section 70,-

(i) in the proviso, the words "and Urban Co-operative Banks" shall be added at the end;

(ii) after the existing proviso, the following Explanation shall be added, namely:-

"***Explanation***.- For the purposes of this section, the "Urban Co-operative Bank" means a society registered under this Act and doing business of banking, as defined in clause (b) of section 5 of the Banking Regulation Act, 1949.". **10 of 1949.**

## STATEMENT OF OBJECTS AND REASONS

At present, the society registered under the Gujarat Co-operative Societies Act, 1961 is required to carry atleast fifteen percent. of its net profit to the Bad Debt Reserve Fund under the provisions of sub-section (2) of section 67A of the said Act. The Urban Co-operative Bank being the society registered under the said Act has to follow the said norms as required by the said sub-section (2) as also it has to make provision for bad loans as required by the prudential norms of the Reserve Bank of India. In these circumstances, a small amount of net profit is available with such society and the society has to face problem in appropriation of profit for the purposes as specified in sub-section (2) of section 66 of the said Act. To obviate such situation, it is considered necessary to make provision for carrying atleast eight percent. of the net profit to the Bad Debt Reserve Fund by such society in cases where the amount of Bad Debt Reserve Fund of such society shall be minimum twice the amount of the Non-Performing Assets (NPA) of such society occurred in the preceding financial year and Prudential Norms of the Reserve Bank of India applicable for Non-Performing Assets (NPA) have been complied with by such society. Sub-section (2) of section 67A is proposed to be amended accordingly. *Clause* 2 of the Bill provides for the same.

Section 70 of the said Act provides for the contribution to any prescribed co-operative purpose or to any charitable purpose or to any other public purpose subject to the approval of the Gujarat State Co-operative Union, if the society operates in more than one districts or the District Co-operative Board, in any other case. However, the societies in the co-operative credit structure are exempted from obtaining such approval under the provisions of the said section. Now, under the guidelines of the Reserve Bank of India, the Urban Co-operative Banks can make contribution for the people affected in natural calamities from its reserve fund or Bad Debt Reserve Fund but subject to the approval as

specified in the said section 70. However, it is felt that in following the procedure for obtaining such approval, aid to the affected people cannot be carried at the appropriate time. It is, therefore, considered necessary to exempt such Banks from obtaining such approval under the provisions of the said section 70 so that the purpose can be served. Section 70 is proposed to be amended accordingly. *Clause* 3 of the Bill provides for the same.

This Bill seeks to amend the said Act of 1961 to achieve the aforesaid objects.

**ISHWARSINH PATEL,**

**MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION**

This Bill provides for delegation of legislative power in the following respects:--

***Clause 1.*****—** sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 30th November, 2019. **ISHWARSINH PATEL.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT CO-OPERATIVE SOCIETIES ACT, 1961.**

**(Guj. X of 1962)**

**Bad Debt Reserve Fund.**

**67A.** (1) XXX XXX XXX

(2) Every year, the society shall carry at least fifteen per cent. of the net profit to the Bad Debt Reserve Fund.

(3) to (5) XXX XXX XXX

**Contribution to public purpose.**

**70.** After providing for the reserve fund as provided in section 67 and for the bad debt reserve fund as provided in section 67A and for the educational fund as provided in section 69, a society may set aside a sum not exceeding twenty per cent. of its net profits, and utilise from time to time, with the approval-

(a) of the Gujarat State Co-operative Union, If the society operates in more than one district, and

(b) of the District Co-operative Board, in any other case, the whole or part of such sum in contributing to any prescribed co-operative purpose, or to any charitable purpose within the meaning of section 2 of the Charitable Endowments Act, 1890 or to any other public purpose:

Provided that the provisions of this section shall not apply to the societies in the co-operative credit structure.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 33 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Co-operative Societies Act, 1961.*

**[ SHRI ISHWARSINH PATEL,**
**MINISTER FOR CO-OPERATION]**

**(As published in the Gujarat Government Gazette of the 30th November, 2019)**

**D.M.PATEL**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**